
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૬, ફાગણ વદ – ૮ • તા. ૧૬ માર્ચ ૨૦૨૦ • અંક : ૧૬

16



**શેઠ આણંદજી કલ્યાણજી**

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

**અમદાવાદ**

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....


## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૨ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

**બસ ! આજથી ફક્ત ૧ રૂપિયો પ્રતિદિન**
**રૂા. ૫૪૦૦ આપી સહભાગી થઈએ.**

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 5010016 5224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૯ મૂલ્ય : રૂા. ૨૦ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦

प्रासदं जगदाह्लादं प्रासादादम्बिकोद्भवात्
समुद्धृत्य नगोत्तुंगं नेमिनः स्वामिना पुनः ।

पुण्यात्मा पासलिर्मन्त्री चित्रप्राचिकृतापरः
व्यधादारासण श्रोणी धीरं रैवतदैवतम् ॥

દેવોને પણ આશ્ચર્યચકિત કરનાર પુણ્યાત્મા પાસલીમંત્રીએ શ્રી અંબિકાદેવીના પ્રાસાદથી જગતને આનંદ આપનાર તથા પર્વત સમાન ઉન્નત એવા શ્રી નેમિનાથ ભગવાનના ચૈત્યનો ઉદ્ધાર કરાવીને આરાસણ પર્વતને રૈવતાચલ જેવો બનાવી દીધો.

(શ્રી જિનહર્ષગણિકૃત વસ્તુપાલ ચરિત્ર ૩/૯૨)

: પ્રકાશક :
શેઠ આણંદજી કલ્યાણજી
"સહુને આનંદ સહુનું કલ્યાણ"
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૫ | સળંગ અંક : ૧૯

પ્રકાશન

વિ.સં. ૨૦૭૬, ફાગણ વદ - ૮ તા. : ૧૬-માર્ચ-૨૦૨૦, સોમવાર

પ્રકાશક :

હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

*મુદ્રક* : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

**શ્રી કુંભારિયાજી તીર્થ પરિસરનાં પાવન પરમાણુઓ આપને આવકારવા આતુર છે.**

- રમ્ય સુરમ્ય અને શાંત પ્રશાંત તથા આહ્લાદક વાતાવરણ.
- શિલ્પ અને સ્થાપત્ય કળાથી સમૃદ્ધ પાંચ ભવ્ય જિનાલયો.
- ચતુર્વિધ સંઘની ધર્મ આરાધના માટે બે વિશાળ ઉપાશ્રયો.
- યાત્રિકો માટે સુવિધાસંપન્ન બે વિશાળ ધર્મશાળાઓ.
- ચતુર્વિધ સંઘની ભક્તિ માટે સુવિધાસંપન્ન ભોજનશાળા તથા ભાતાગૃહ.
- વિશાળ પાર્કિંગ.
- **સંપર્ક સૂત્ર : શેઠ આણંદજી કલ્યાણજી, કુંભારિયાજી**
  (પો.અંબાજી) પીન-૩૮૫૧૧૦ (જીલ્લા બનાસકાંઠા)
  ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૧૭૮
  મો.૭૦૬૯૦૦૪૬૧૩/૯૪૨૮૦૦૦૬૧૩

## પેઢીના બંધારણની રચના

**(શેઠ આણંદજી કલ્યાણજી પેઢી વર્ષોથી શત્રુંજય મહાતીર્થ-પાલીતાણાનો વહીવટ સંભાળતી હતી વહીવટી કાર્યોમાં સ્થાનિક રાજ્ય તરફથી અનેક જાતની દખલગીરી, કનડગત વગેરેના કારણે કાયદાકીય ગુચવાડાઓ ઉભા થતા અને એના નિવારણ માટે તત્કાલીન કોર્ટ કચેરીનો આશરો લેવો પડતો એ વખતે 'પેઢી એ ભારતભરના શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાના જૈનોનું પ્રતિનિધિત્વ કરે છે.' એ ઉદ્દેશ્યથી પેઢીનું વ્યવસ્થિત બંધારણ ઘડવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિ શ્રાવકોની સભા બોલાવીને જે કાર્યવાહી કરવામાં આવી તેનો ખ્યાલ નીચેના લખાણથી આવે છે.)**

એ વખતે રાવબહાદુર શ્રેષ્ઠીવર્ય શ્રી પ્રેમાભાઈ હીમાભાઈ અમદાવાદના નગરશેઠ હતા અને પોતાના પ્રતાપી પૂર્વજોની જેમ તેઓ પણ અંગ્રેજોના રાજ્યશાસનમાં તેમ જ પ્રજાવર્ગમાં પણ ઘણો પ્રભાવ ધરાવતા હતા, વળી, નગરશેઠ હોય એ જ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો વહીવટ સંભાળતી સમિતિના મુખ્ય મોવડી એટલે કે પ્રમુખ હોય; અને શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રમુખ તરીકેનું ગૌરવશાળી પદ પણ તેઓ જ ધરાવતા. આ પ્રથા પ્રમાણે વિક્રમની સદીના પૂર્વાર્ધમાં શેઠ શ્રી પ્રેમાભાઈ હીમાભાઈ શ્રી સંઘના અગ્રણી હતા. તેઓ ખૂબ બાહોશ અને વિચક્ષણ મહાપુરુષ હતા.

એમની આગેવાની નીચે પેઢીના સંચાલકોએ પેઢીનું બંધારણ ઘડવા માટે વિ.સં.૧૯૩૬ના ભાદરવા વદિ-૧, તા.૧૯-૯-૧૮૮૦ના રોજ, સકલ શ્રીસંઘની સભા અમદાવાદમાં બોલાવવાનું નક્કી કરીને, પેઢીનો એટલે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો વહીવટ સંભાળનાર અમદાવાદના આઠ જૈન અગ્રણીઓની સહીથી જાહેરખબર આપીને એ ગામે-ગામ મોકલવામાં આવી હતી; અને એ માટે દેશના જુદા જુદા ભાગમાં આવેલાં ૧૦૩ જેટલાં શહેરો-નગરોમાં સભાઓ ભરીને ઠરાવો પણ કરવામાં આવ્યા હતાં. (આ ગામોની યાદી પેઢીના બંધારણની સને ૧૯૧૨-૧૩ની સાલમાં પ્રગટ કરવામાં આવેલ જૂની ચોપડીમાં સચવાઈ રહી છે.) જે આઠ જૈન

અગ્રણીઓની સહીથી આ સભા માટેની આમંત્રણ પત્રિકા બહાર પાડવામાં આવી હતી, તેઓનાં નામ આ પ્રમાણે છે-

૧. શેઠ શ્રી પ્રેમાભાઈ હીમાભાઈ
૨. શેઠ શ્રી ઉમાભાઈ હઠીસંગ
૩. શેઠ શ્રી જેસંગભાઈ હઠીસંગ
૪. શેઠ શ્રી મગનલાલ કરમચંદ તરફથી
શેઠ શ્રી ત્રિકમદાસ નથુભાઈ
૫. શેઠ શ્રી દલપતભાઈ ભગુભાઈ
૬. શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈ
૭. શેઠ શ્રી મંછારામ ગોકળદાસ
૮. શેઠ શ્રી પરસોત્તમદાસ પુંજાસા

બંધારણ માટેની આ સભા એક દિવસ ચાલી હતી; એનું પ્રમુખપદ શેઠશ્રી પ્રેમાભાઈ હીમાભાઈએ સંભાળ્યું હતું; અને એમાં કુલ આઠ ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. આ સભામાં ઘણા સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી; અને હાજરી આપનાર સદ્‌ગૃહસ્થોમાંથી બની શક્યાં તેટલાનાં નામ નોંધી રાખ્યાં હતાં. બંધારણની જૂની ચોપડીમાં છપાયેલ યાદી ઉપરથી પણ જાણી શકાય છે કે, એમાં એક હજાર જેટલા સદ્‌ગૃહસ્થોએ ભાગ લીધો હતો. આટલી વિશાળ હાજરી ઉપરથી એ સહજપણે સમજી શકાય છે કે, આ માટે કેટલો પ્રચાર કરવામાં આવ્યો હતો અને આ કાર્ય અંગે શ્રી સંઘમાં કેટલો ઉત્સાહ પ્રવર્તતો હતો.

આ સભાની કાર્યવાહીની શરૂઆતમાં એક નોંધ મૂકવામાં આવી છે, તેમાં શ્રાવક સમુદાયના (એટલે કે પેઢીના) પ્રતિનિધિ કોને નીમવા, કોને નીમવા એ મહત્ત્વની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નોંધ આ પ્રમાણે છે-

'આ બધી એકસોને ત્રણ જગ્યાઓએ જુદી જુદી મીટીંગો ભરાઈ તેના હકીકત-પત્રો અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજી તથા શેઠ પ્રેમાભાઈ હીમાભાઈના સરનામાથી વખતસર અહીં આવેલા છે, ને તેમાં એમ નીકળે છે કે એ બધી જગ્યાઓએ શ્રાવકોએ ઠરાવો કર્યા છે તેમાં બીજી બાબતોની

સાથે એમ ઠરાવ્યું છે કે આ સભા ભરવાની જાહેર ખબર નીચે સહીઓ કરનાર આઠ ગૃહસ્થોને આખા શ્રાવક સમુદાયના પ્રતિનિધિઓ નીમવા અને તેમને શત્રુંજા ડુંગર તથા તેના દેરાસરોની બાબતમાં કામ કરવાનો કુલ અખત્યાર આપવો.

આ નોંધ તથા આ સભામાં પાર થયેલ ઠરાવોમાંના પહેલા ઠરાવ ઉપરથી માલૂમ પડે છે કે, આ બંધારણ - સભા મળીને તે વખતે પેઢી હસ્તક મુખ્યત્વે એકલા શ્રી શત્રુંજય તીર્થનો જ વહીવટ હતો. આ પહેલો ઠરાવ આ પ્રમાણે છે.

'પાલીતાણા ઠાકોર સાહેબ તરફથી શેત્રુંજા ડુંગરના તથા તેને લગતા કામોમાં થતી હરકતો દૂર થવા બાબત શ્રાવક સમુદાય તરફથી શેઠ આણંદજી કલ્યાણજી નામથી જે જે કામકાજ હાલ સુધી થયેલાં છે તથા તેને લગતાં સર્વે કામો કાયમ રાખવાં'

આ ઠરાવ એ વાતનું સ્પષ્ટ અને અસંદિગ્ધ સૂચન કરે છે કે, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સમસ્ત શ્રાવક સમુદાયનું એટલે કે, શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સમસ્તનું પ્રતિનિધિત્વ કરવાનો અધિકાર ધરાવતી હતી.

જુદાં જુદાં સ્થાનોના સંઘોએ સૂચવ્યા મુજબ, બીજા ઠરાવથી પેઢીના વહીવટ માટે, શ્રાવક સમુદાયના પ્રતિનિધિ તરીકે, અમદાવાદના આઠ જૈન અગ્રણીઓની કમિટી રચવામાં આવી. (આ આઠ અગ્રણીઓનાં નામ આ સભા માટેની જાહેરાતને લગતા લખાણ ઉપર આપવામાં આવ્યાં છે, તે જ છે.)

જરૂર જણાતાં આ આઠ પ્રતિનિધિઓને સહાય કરવા માટે ૨૩ શહેરો અને એની આસપાસનાં સ્થાનોના મળીને ૩૨ સદ્‌ગૃહસ્થોની સ્થાનિક પ્રતિનિધિઓ તરીકે વરણી ત્રીજા ઠરાવથી કરવામાં આવી હતી.

પેઢીનો વહીવટ સરખી રીતે ચાલતો રહે એટલા માટે વહીવટદાર પ્રતિનિધિઓનું મંડળ તેમજ આ વહીવટમાં સકલ સંઘનું પ્રતિનિધિત્વ સચવાઈ શકે એ માટે સ્થાનિક પ્રતિનિધિઓનું મંડળ રચવાની જે પ્રથા પેઢીના આ પહેલા-બંધારણ વખતે, બીજા અને ત્રીજા ઠરાવથી નક્કી કરવામાં આવી હતી, એ એવી સંતોષકારક અને કાર્યસાધક પુરવાર થઈ છે કે, એ અત્યાર સુધી, અસ્ખલિતપણે, ચાલુ રહી છે.

## પેઢીનું પ્રમુખપદ

ચોથો ઠરાવ ઘણો વિસ્તૃત છે અને એમાં વહીવટદાર પ્રતિનિધિઓની સત્તા અને કામગીરીની, સામાન્ય શિરસ્તા મુજબની, વિગતો આપવામાં આવી છે. એ ઉપરાંત, કાયમને માટે પેઢીનું પ્રમુખપદ કોણ સંભાળે એ બાબતમાં એ ઠરાવમાં જે મહત્ત્વની જોગવાઈ કરવામાં આવી છે, તે ખાસ ધ્યાન ખેંચે એવી છે. આ જોગવાઈ આ પ્રમાણે કરવામાં આવી છે. -

'શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ જેમને મરહુમ શેઠ શાંતિદાસના વારસ તરીકે સદરહુ ડુંગર તથા દેરાસરો સમુદાય મજકુર તરફથી તથા તેમની વતી ટ્રસ્ટમાં સોંપાયેલા છે તે તથા શેઠ શાંતિદાસ મજકુરના કુટુંબનો જે વખતે જે વારસ હોય તેઓ વહીવટ કરનાર પ્રતિનિધિઓની ઉપર લખેલી કમીટીના વંશપરંપરા સભાપતિ તથા હોદ્દાની રૂઈ એ સભાસદ થયા તેઓને આથી મુકરર કરવામાં આવ્યા છે.'

ચોથા ઠરાવમાંથી આ જોગવાઈ ઉપરથી સ્પષ્ટ રૂપે સમજી શકાય છે કે, શેઠશ્રી શાંતિદાસે અને એમના વંશજોએ શ્રી શત્રુંજય તીર્થ, જૈન શાસન તથા શ્રી સંઘની જે વિશિષ્ટ અને યાદગાર સેવાઓ બજાવી હતી, એ પ્રત્યે સકલ સંઘે આ ઠરાવ દ્વારા, પોતાની કદરદાની અને કૃતજ્ઞતાની લાગણી પ્રદર્શિત કરવાની તક લીધી હતી.

આ રીતે સને ૧૮૮૦ની સાલમાં પેઢીનું પહેલું બંધારણ અસ્તિત્વમાં આવ્યું હતું.

**(સ્વ.રતિલાલ દીપચંદ દેસાઈ દ્વારા લિખિત "શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ ભાગ-૧" માંથી)**

**૨૯૦ વર્ષથી વધારે સમયથી ચતુર્વિધ જૈન સંઘની સેવામાં સમર્પિત સક્ષમ, સુદૃઢ અને પારદર્શી પ્રબંધનથી સમૃદ્ધ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ જાણવા, અવનવી વાતો, ઘટનાઓને માણવા અવશ્ય વાંચો.**

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ ભાગ-૧ અને ૨ મેળવવા પેઢીના અમદાવાદના સરનામે સંપર્ક કરો.**

# શ્રી આરાસણ - કુંભારિયાજી મહાતીર્થમાં ઉજવાયેલ શાનદાર પ્રતિષ્ઠા મહોત્સવ

ગુજરાત રાજયના બનાસકાંઠા જિલ્લામાં સુપ્રસિદ્ધ શક્તિપીઠરૂપ તીર્થધામ આરાસુરી અંબાજીથી ૨ કિલોમીટરના અંતરે આવેલ શ્રી આરાસણ-કુંભારિયાજી મહાતીર્થ એટલે અરાવલીની પર્વતમાળાઓની વચ્ચે શાંત પ્રશાંત અને દૈવીઉર્જાથી સભર પાવનભૂમિ !

આ તીર્થભૂમિના શણગારરૂપ પાંચ જિનાલયોની સમૃદ્ધ શિલ્પસ્થાપત્ય કળા તો આંખોને અજવાળે છે સાથે સાથે આ જિનાલયોમાં બિરાજમાન જિન પ્રતિમાજી અંતરને આનંદની અનુભૂતિથી ઓળઘોળ બનાવે છે.
હાલમાં જ આ તીર્થમાં એક અનેરો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ ગયો.

આજથી ૬૬ વર્ષ પહેલા 'શ્રી ચંપક' નામથી લખાયેલ 'આરાસણ યાને કુંભારિયાજી તીર્થ'ની નોંધ પ્રમાણે આ મહાતીર્થમાં તપગચ્છના મહાન પ્રભાવી આચાર્ય ભગવંત શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ (શ્રમણ ભગવાન મહાવીરની ૬૦મી પાટે થયેલા) સાહેબ વિ.સં.૧૬૭૫ ઈ.સ.૧૬૧૯માં જંગલની ગીચ ઝાડીઓમાં છુપાયેલા આ તીર્થને શોધ્યું. દેરાસરોની દુર્દશા જોઈને એમનું હૃદય રડી પડ્યું. તાત્કાલિક આજુબાજુના સંઘોના અગ્રણી શ્રાવકોને પ્રેરણા કરીને દેરાસરોના જીર્ણોદ્ધાર કરાવ્યા. આ કાર્યને સુચારુ રુપે પાર પાડવા એમણે પંડિતવર્ય કુશળસાગરજી જેવા પ્રતિભાસંપન્ન કાર્યકુશળ મુનિને નિયુક્ત કર્યા. એમની નિશ્રામાં નૂતન પ્રતિમાજીનું નિર્માણ થયું અને મહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠિત કરવામાં આવ્યાં. આ અંગેના શિલાલેખો મહાવીરસ્વામી તથા પાર્શ્વનાથના દેરાસરોમાં પ્રતિમાજીની પલાઠી નીચે છે.

ત્યારબાદ વિ.સં. ૧૯૭૬ ઈ.સં. ૧૯૨૦માં શાસન સમ્રાટ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી નેમિસૂરિજી મહારાજ સાહેબના ઉપદેશથી વિ.સં. ૧૯૭૭ના ફાગણ વદ-૮, તા. ૨-૪-૧૯૨૧થી દાંતા શ્રી સંઘે તીર્થનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને સોપ્યોં. પેઢીએ જરૂરિયાત પૂરતો દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. અને વિ.સં. ૧૯૯૧ ઈ.સ.૧૯૩૫માં વૈશાખ સુદ-૧૦ના દિવસે દેરાસરો ઉપર નવા ધજાદંડ કળશ વગેરે સ્થાપિત

કરવામાં આવ્યા પછીના વરસોમાં પેઢીના તત્કાલીન પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઈના માર્ગદર્શનમાં દેરાસરોનો વ્યવસ્થિત જીર્ણોદ્ધાર થયો અને ધર્મશાળા વિગેરેના નિર્માણ થયા.

લગભગ ૪૦૦ વરસના લાંબા ગાળા પછી કુંભારિયાજી તીર્થના આંગણે પ્રતિષ્ઠાનો મહામૂલો અવસર આવ્યો. શાસન સમ્રાટ સમુદાયના પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા માર્ગદર્શન અને સલાહ સૂચન મુજબ શ્રી નેમિનાથ ભગવાન જિનાલયની ભમતી દેરીમાં અને શ્રી સંભવનાથ ભગવાન જિનાલયના ગોખલામાં પ્રતિમાજીઓનો પ્રવેશ વિ.સં. ૨૦૭૬ કારતક વદ-૮, તા. ૮-૧૨-૨૦૧૯ના દિવસે કરાવવામાં આવ્યો.

## પ્રતિષ્ઠા મહોત્સવ

સમગ્ર મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરવા પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ પોતાના શિષ્ય પરિવાર સાથે પધાર્યા. તા.૧૯-૧-૨૦૨૦ના દિવસે સવારે મંગલ મુહૂર્તે પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ મુનિ ભગવંતો તથા પૂજ્ય સાધ્વીજી ત્રૈલોક્યમિત્રાશ્રીજી મહારાજ સાહેબ આદિ સાધ્વીજી મહારાજનો તીર્થભૂમિમાં મંગલ પ્રવેશ થયો હતો.

વિ.સં. ૨૦૭૬ પોષ વદ-૧૩, તા.૨૨-૧-૨૦૨૦ બુધવારના રોજ પ્રતિષ્ઠા મહોત્સવ ઉત્સવનો પ્રારંભ થયો. આ દિવસે વહેલી સવારે મંગલ મુહૂર્તે કુંભસ્થાપન, અખંડ દીપકસ્થાપના અને જ્વારારોપણની વિધિ સંપન્ન થઈ. વિધિના લાભાર્થી અ.સૌ. નિરંજનાબેન રમણલાલ ભીખાભાઈ શાહ પરિવાર. વિ.સં.૨૦૭૬, મહા સુદ-૩, તા.૨૮-૧-૨૦૨૦ મંગળવારે સવારે દેવીપૂજનનું આયોજન રાખવામાં આવ્યું હતું જેનો લાભ માતુશ્રી મંજુલાબેન રમણલાલ વાડીલાલ શાહ, ચાણસ્માવાળા (આનંદમંગલ પરિવાર) તથા હેમલતાબેન કાંતિલાલ શાહ પરિવાર, હ. આરતી વિનોદ વસા પરિવાર, ચિ. બિનિત, ચિ.હિરલ આદિ પરિવાર તરફથી લેવામાં આવ્યો.

દેવી પૂજન પૂર્ણ થયા બાદ લઘુનંદ્યાવર્ત પૂજન ભણાવવાનો લાભ શ્રીમતી સુજાતાબેન પ્રેમલભાઈ કાપડિયા તરફથી લેવામાં આવ્યો.

લઘુનંદ્યાવર્ત પૂજન બાદ નવગ્રહ, દિક્પાલ અને અષ્ટમંગલ પાટલા પૂજનનું આયોજન કરવામાં આવ્યું. આ ત્રણે પાટલા પૂજનના લાભાર્થી હતા નીતિજ્ઞાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી રાઈબેન પોપટલાલ શાહ પરિવાર (સવાળા)

આ દિવસે **સવાર, બપોર અને સાંજની સાધર્મિક ભક્તિનો લાભ : માયાબેન વસંતભાઈ ઝવેરી,** અમદાવાદવાળાએ લીધો હતો.

વિ.સં. ૨૦૭૬ મહા સુદ-૪, તા.૨૮-૧-૨૦૨૦ બુધવાર ના દિવસે શ્રી કુંભારિયાજી તીર્થનાં પાંચેય જિનાલયોમાં અને નવ નિર્મિત બે દેરીમાં બિરાજમાન પ્રતિમાજીઓના તેમજ ધજાદંડ અને કળશના અભિષેક કરવામાં આવેલા. તમામ બિંબોના અભિષેકનો પુણ્ય લાભ તે તે બિંબોની પ્રતિષ્ઠાના લાભાર્થીઓએ લીધો હતો. અઢાર અભિષેકના વિધિ વિધાન દરમ્યાન તારંગા તીર્થના ભોજક શ્રી ચિંતનભાઈ અને વિસનગર જૈન સંઘના યુવાનો દ્વારા પરમાત્માભક્તિની ગંગા વહાવવામાં આવી હતી.

આજના દિવસે **સવારની સાધર્મિક ભક્તિના લાભાર્થી :** શ્રી માયાબેન વસંતભાઈ ઝવેરી, અમદાવાદ

**બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી :** શ્રી સુમતિલાલ પોપટલાલ પરિવાર, અમદાવાદ.

**સાંજની સાધર્મિક ભક્તિના લાભાર્થી :** અ.સૌ. નિરંજનાબેન રમણલાલ ભીખાભાઈ શાહ પરિવાર તરફથી રાખવામાં આવેલ.

સાંજે શ્રી પ્રશમભાઈ અને શ્રી સંપ્રતિભાઈએ પરમાત્માની ભાવભરી સ્તવના સાથે ભાવના ભણાવી હતી.

**વિ.સં. ૨૦૭૬ મહા સુદ-૫, ગુરૂવાર તા.૩૦-૧-૨૦૨૦ શુક્રવાર**

આજનો સોનેરી દિવસ પ્રતિષ્ઠાની મંગળમયી પળોના વધામણા સાથે ઉગ્યો હતો.

**'ૐ પુણ્યાહં પુણ્યાહં' 'પ્રીયન્તામ્, પ્રીયન્તામ્'**

'વિધિકાર સાવધાન, પ્રતિષ્ઠાકારક સાવધાન'ના મંગલનાદ અને જયજયકારના હર્ષોલ્લાસ વચ્ચે પૂજ્ય ગુરુભગવંતોના વરદ હસ્તે વાસનિક્ષેપ પૂર્વક ભાગ્યશાળીઓએ પ્રભુજીને ગાદીનશીન કરવા પૂર્વક પ્રતિષ્ઠિત કર્યા હતા.

**શ્રી નેમિનાથ ભગવાન જિનાલયની ભમતીમાં સ્થિત દેરીઓમાં બિરાજમાન થયેલ પ્રભુજી અને પ્રતિષ્ઠાના લાભાર્થી.**

૧. **શ્રી આદેશ્વર ભગવાન :** માતુશ્રી કમળાબેન સુમતિલાલ મહેતા પરિવાર હ.કાશ્મીરાબેન મનીષભાઈ મહેતા

૨. **શ્રી સંભવનાથ ભગવાન :** માતુશ્રી શોભનાબેન પોપટલાલ શીરોઈયા પરિવાર, ધાનેરા

૩. **શ્રી સંભવનાથ ભગવાન :** શાહ ચિંતન, રચના, નીતિકા, સમકિત (હાલ : સીડની) હ.કલ્પના, પ્રકાશ, પારલા (ધ્રાંગધ્રા)

૪. **શ્રી અભિનંદનસ્વામી ભગવાન :** શા. લાલભાઈ મંગળદાસ ઘટાલાલ (પામોલ) અમદાવાદ, હ. સુધાબેન, જીજ્ઞેશ, નિરાલી, ગૂંજન

૫. **શ્રી સુમતિનાથ ભગવાન :** સ્વ. લીલાવતીબેન ભીખાભાઈ શાહ હ. રમણલાલ નિરંજનાબેન, તેજસ, અર્ચના, હેતા. વિરાગ

૬. **શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન :** માયાબેન વસંતભાઈ ઝવેરી

૭. **શ્રી સુપાર્શ્વનાથ ભગવાન :** વિપીનભાઈ સુમતિલાલ શાહ પરિવાર

૮. **શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન :** શ્રીમતી સુજાતાબેન પ્રેમલભાઈ કાપડીયા

૯. **શ્રી સુવિધિનાથ ભગવાન :** માતુશ્રી શાંતાબેન વનમાળીદાસ શાહ હસ્તે. ધાત્રિકાબેન કલ્પેશભાઈ (સાંતેજવાળા)

૧૦. **શ્રી શીતલનાથ ભગવાન :** માતુશ્રી મધુબેન પ્રવિણચંદ્ર, કાંતિલાલ વખારીયા પરિવાર, કોલવડાવાળા, હાલઃ ગોરેગાંવ

૧૧. **શ્રી શ્રેયાંસનાથ ભગવાન :** શ્રીમતી સુજાતાબેન પ્રેમલભાઈ કાપડિયા

૧૨. **શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન :** કૈલાસબેન કાંતિલાલ, બિંદિયા, નરેશ, રૂપા, નીલેશ, શ્વેતા, સમકિત, વીતરાગ, કૃપાલી, પૂજન

૧૩. **શ્રી વિમલનાથ ભગવાન :** શ્રીમતી સુજાતાબેન પ્રેમલભાઈ કાપડિયા

૧૪. **શ્રી અનંતનાથ ભગવાન :** સુશ્રાવિકા સુલોચનાબેન અને શ્રેષ્ઠિવર્ય નરોત્તમભાઈ લાલભાઈ પરિવાર હ.સંવેગભાઈ

૧૫. **શ્રી ધર્મનાથ ભગવાન :** ગિરાબેન નલિનકુમાર શાહ, હાર્દિક, હેતલ, હેમ, જિહાસા, ભાવિક, સ્વીટી, નીરીહા, યતના

૧૬. **શ્રી શાંતિનાથ ભગવાન :** શ્રીમતી સુજાતાબેન પ્રેમલભાઈ કાપડિયા

૧૭. **શ્રી કુંથુનાથ ભગવાન :** સુનિલ ચીનુભાઈ ઝવેરી, હ.નીલમ, રાજીવ, નેહા, શૈમી, ઉર્મિલ, શેનલ, સેજલ, નીરવ, માનુષ

૧૮. **શ્રી અરનાથ ભગવાન :** શાહ ઈન્દુમતી પનુભાઈ હ.અજય, હર્ષદા, કથિત, તન્વી, શ્રેયા, નંદિશ, ભદ્રેશ, મયુર

૧૯. **શ્રી મલ્લિનાથ ભગવાન :** અમીબેન અવનિશભાઈ જયેન્દ્રભાઈ શાહ (સાબરમતી) હસ્તે : જૈનીલ, મયુર

૨૦. **શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન :** શ્રીમતી શારદાબેન ઉત્તમલાલ મહેતા પરિવાર અનીતાબેન, સુધીરભાઈ

૨૧. **શ્રી નમિનાથ ભગવાન :** કુ. દેવયાનીબેન ચીનુભાઈ નવાબ, તે ચીનુભાઈ વાડીલાલ નવાબના પુત્રી, અમદાવાદ

૨૨. **શ્રી નેમિનાથ ભગવાન :** શ્રીમતી સુજાતાબેન પ્રેમલભાઈ કાપડિયા

૨૩. **શ્રી પાર્શ્વનાથ ભગવાન :** દુષ્યંતભાઈ શાંતિલાલ શાહ પરિવાર અને નયનાબેન દુષ્યંતભાઈ શાહ

૨૪. **શ્રી મહાવીરસ્વામી ભગવાન :** શ્રી માતુશ્રી લીલાબેન શાંતિલાલ મહેતા પરિવાર ગરાંબડી

૨૫. **શ્રી પાર્શ્વનાથ ભગવાન :** (શ્રી નેમિનાથ ભગવાન જિનાલયમાં પ્રવેશતાં મૂળનાયક પરમાત્માની જમણીબાજુ કોળી મંડપના ગોખલામાં) વીરમતી ઝવેરચંદ ઝવેરી(સુરત)ચિ.પંકજ, પારૂલ, ઋજુલ, હેતલ, સેતુ, ધવલ, પાર્થ્વી

૨૬. **શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાન :** (શ્રી નેમિનાથ ભગવાન જિનાલયમાં પ્રવેશતા, મૂળનાયક પરમાત્માની ડાબીબાજુ કોળી મંડપના ગોખલામાં) શેઠ શ્રી પોપટલાલ મટાલાલ શીરોઈયા પરિવાર, ધાનેરા

૨૭. **શ્રી પુંડરિકસ્વામી :** (રંગમંડપમાં પ્રવેશતા મૂળનાયક પરમાત્માની જમણીબાજુ ગોખલામાં) માતુશ્રી લીલાબેન શાંતિલાલ મહેતા પરિવાર, ગરાંબડી

૨૮. **શ્રી મહાવીરસ્વામી ભગવાન :** (રંગમંડપમાં પ્રવેશતા મૂળનાયક પરમાત્માની ડાબીબાજુ ગોખલામાં) શ્રીમતી શારદાબેન ઉત્તમલાલ મહેતા પરિવાર, સપનાબેન, સમીરભાઈ

૨૯. **શ્રી સરસ્વતી માતાજી :** (રંગમંડપમાં પ્રવેશતા મૂળનાયક પરમાત્માની ડાબીબાજુ આવેલ અંબિકાદેવીની દેરીના મંડોવરના ગોખલામાં) ફુલીબેન જેચંદ વસા પરિવાર, હ.બીનિત, હિરલ, આરતી, વિનોદ, નવનિત, પ્રતાપ, પ્રમોદ

૩૦. **શ્રી અજિતનાથ ભગવાન :** (રંગમંડપમાં પ્રવેશતા મૂળનાયક પરમાત્માની જમણીબાજુ આવેલ ૧૭૦ જિનપટમાં) શ્રીમતી સુલોચનાબેન મનોજભાઈ શીરોઈયા પરિવાર, ધાનેરા

**શ્રી નેમિનાથ ભગવાન ના જિનાલયથી વાયવ્યકોણમાં સ્થિત શ્રી સંભવનાથ ભગવાન જિનાલયના મોટા તથા નાના ગોખલામાં જે પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવી તેના નામ અને લાભાર્થી**

૧. **શ્રી અભિનંદનસ્વામી ભગવાન :** લીંબડી નિવાસી હાલ ઘાટકોપર માતુશ્રી કમળાબેન કાંતિલાલ શાહ સહપરિવાર

૨. **શ્રી સુપાર્શ્વનાથ ભગવાન :** અ.સૌ. કાંતાબેન હર્ષદરાય શાહ, જાગૃતિ, કમલેશ, લીના જયકર શાહ (ઘોઘાવાળા પરિવાર)

૩. **શ્રી ધર્મનાથ ભગવાન :** શા.હંસાબેન હર્ષદરાય વાસણવાળા, સ્મીતા કેતનકુમાર, પ્રિતી ધર્મેશકુમાર,ભાવનગર

૪. **શ્રી સુમતિનાથ ભગવાન :** રમીલાબેન વિનોદચંદ્ર કાન્તીલાલ વખારિયા પરિવાર કોલવડા. હાલ. કાંદિવલી

૫. **શ્રી સુમતિનાથ ભગવાન :** મુનિશ્રી શુભ શુક્લ જિનવાત્સલ્યની પ્રેરણાથી જય, હેમા, વિજય, હર્ષ, પારસ, પુજા, જસાણી

૬. **શ્રી સમુતિનાથ ભગવાન :** કમળાબેન સેવંતિલાલ શાહ પરિવાર હસ્તે : અલ્પા, હિતેશા, ચાર્મી, મલય, નિધિ, વિવેક, કરીમ

૭. **શ્રી સુપાર્શ્વનાથ ભગવાન :** કંચનશ્રીજી મ.સા.ની પ્રેરણાથી, પ્રજ્ઞાબેન પ્રવિણચંદ્ર પોપટલાલ શાહ, વડાસણ

૮. **શ્રી શ્રેયાંસનાથ ભગવાન :** પાદરા નિવાસી હાલ નવજીવન સોયાયટી, મુંબઈ માતુશ્રી જયાબેન ચંપકલાલ શાહ સહપરિવાર

૯. **શ્રી સુમતિનાથ ભગવાન :** જમનાદેવી ચંપાલાલ કાનુગા પરિવાર (ઉંઝા) (સાંચોરવાળા)

૧૦. **શ્રી અજિતનાથ ભગવાન :** અંજનાબેન અરવિંદભાઈ ગાંધી, સૌરભભાઈ, અ.સૌ. બિનીતા હેતલભાઈ ગાંધી, અચિરા, વામા

૧૧. **શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન** નીતિજ્ઞાશ્રીજી મહારાજ સાહેબની પ્રેરણાથી, રાઈબેન પોપટલાલ શાહ પરિવાર (સવાળા)

૧૨. **શ્રી ધર્મનાથ ભગવાન** વિમળાબેન પોપટલાલ સોમચંદ શાહ (વડસ્મા) દર્શના, પરેશ, ઝરણાં, ભવ્ય,અક્ષય, કલ્પના

૧૩. **શ્રીસુપાર્શ્વનાથ ભગવાન** થરાદ નિવાસી કંચન, રસીક, ગુણ, નટે, અનીષી, ભાવિક, કૃપા, નૈતિક, મીતાંશ, મીહીર

૧૪. **શ્રી સુમતિનાથ ભગવાન** પ.પૂ.ગણિવર્યશ્રી પાર્શ્વરક્ષિત મ.સા.ની પ્રેરણાથી ડાહીબેન કાન્તિલાલ મહેતા (કરબટિયા)

પરમાત્મા નેમિનાથના જિનાલય સમક્ષ જમણી તરફના નવનિર્મિત સુંદર મનોહારી દેવકુલિકા દેરીમાં તપગચ્છ અધિષ્ઠાયક શ્રી માણિભદ્રવીરની પ્રભાવી પ્રતિમાને બિરાજમાન કરવાનો લાભ શ્રી હેમલતા કાંતિલાલ શાહ પરિવાર હ. આરતી વિનોદ વસા પરિવાર ચિ. બીનિત, ચિ. હિરલએ લીધો હતો.

એવી જ રીતે ડાબી તરફ નવનિર્મિત સુંદર મનોહારી દેવકુલિકા-દેરીમાં શ્રી નેમિનાથ ભગવાનની અધિષ્ઠાયિકા તથા તીર્થભૂમિની રક્ષિકા શ્રી અંબિકાદેવીની સૌમ્ય સ્વરૂપ પ્રતિમાને પ્રતિષ્ઠિત કરવાનો લાભ માતુશ્રી મંજુલાબેન રમણલાલ વાડીલાલ શાહ, ચાણસ્માવાળા (આનંદ મંગળ પરિવાર) એ લીધો હતો.

પ્રતિષ્ઠાના આજના મંગલ દિવસે પારંપરિક રીતે તીર્થની સાલગીરી ઉજવાતી હોવાથી દાદા નેમિનાથના જિનાલય ઉપર નવીન ધજા ચઢાવવામાં આવી હતી. સાથે તીર્થ સ્થિત અન્ય જિનાલયો ઉપર પણ નવીન ધજાઓ ચઢાવવામાં આવી હતી.

## જિનાલય અને લાભાર્થી

૧. શ્રી નેમિનાથ ભગવાન, માતુશ્રી લીલાબેન શાંતિલાલ મહેતા આ જિનાલય અંતર્ગત શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની દેરી

શ્રી નિખિલભાઈ મહેન્દ્રભાઈ શાહ આ જિનાલય અંતર્ગત શ્રી આદીશ્વરભગવાનની દેરી ઉપર સ્વર્ણ કળશ તથા ધજા મયંકભાઈ લક્ષ્મીચંદભાઈ

૨. શ્રી પાર્શ્વનાથ ભગવાન જિનાલય શ્રી ચીનુભાઈ નવાબ પરિવાર

૩. શ્રી શાંતિનાથ ભગવાન જિનાલય શ્રી વાડીલાલ હેમચંદ નવાબ પરિવાર

૪. શ્રી મહાવીરસ્વામી જિનાલય શ્રીમતી મુન્નાબેન શિરીષભાઈ હ. જગતભાઈ

૫. શ્રી સંભવનાથ ભગવાન જિનાલય શ્રી કીર્તિભાઈ કે. શાહ

## ચતુર્વિધ શ્રી સંઘના સાનિધ્યમાં આયોજિત ધર્મસભા

પ્રતિષ્ઠાની પુણ્ય ઘડીઓ પછી એક ધર્મસભાનું આયોજન પૂજ્ય આચાર્ય ભગવંતની નિશ્રામાં કરવામાં આવ્યું હતું. પૂ. આચાર્યભગવંતના મંગલાચરણ દ્વારા આરંભાયેલી આ સભામાં પૂજ્ય આચાર્ય ભગવંતે સમગ્ર આયોજનની સફળતા માટે પ્રસન્નતા વ્યક્ત કરીને આશીર્વાદ આપ્યા હતા. તીર્થભૂમિ સાથેના પોતાના સંસ્મરણો સંવેદનાઓને વ્યક્ત કર્યા હતા.

પૂજ્ય આચાર્ય ભગવંતે સફળ શ્રીસંઘ વતી પેઢીના અધ્યક્ષશ્રી સંવેગભાઈ લાલભાઈએ બહુમાન કામળી વહોરાવી હતી. પૂજ્ય સાધ્વીજી ત્રૈલોક્યમિત્રાશ્રીજી મ.ને પણ ભક્તિભાવ પૂર્વક કામળી વહોરાવી હતી. ધર્મસભામાં શ્રીપાલભાઈએ વક્તવ્યમાં તીર્થ પરિસરના વિકાસ અંગે, પ્રતિષ્ઠા મહોત્સવના આયોજન અંગે તથા તીર્થ પરિસરમાં થયેલા નવનિર્માણોની વિગત આપીને લાભાર્થી પરિવારોની અનુમોદના કરવાપૂર્વક સહુને ધન્યવાદ આપ્યા હતા. શ્રી સંવેગભાઈએ સંપન્ન થયેલા કુંભારિયાજી તીર્થના પ્રતિષ્ઠા કાર્યને પેઢીના પૂર્વ પ્રમુખ શ્રી શ્રેણિકભાઈનું સ્વપ્ન પુરૂં થવા રૂપ ગણાવ્યું હતું.

શ્રી વિનોદભાઈ વસાએ પ્રાસંગિક સંબોધન કરીને પોતાના ભાવો વ્યક્ત કર્યા હતા.

પ્રતિષ્ઠાવિધિ સાનંદ સંપન્ન થયા બાદ સકળ વિશ્વમાં શાંતિ પ્રસરે એ શુભ ભાવ સાથે આયોજિત અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર મહાપૂજાના લાભાર્થીઓ

| | |
|---|---|
| **૧ થી ૯ પૂજા** | વીરમતી ઝવેરચંદ (સુરત) ચિ.પંકજ, પારૂલ, ઋજુલ, હેતલ, સેતુ, ધવલ, પાર્થ્વી |
| **૧૦ થી ૧૮ પૂજા** | શાહ ઈન્દુમતી પનુભાઈ, હ.અજય, હર્ષિદા, કથિત, તન્વી, શ્રેયા, નંદિશ, ભદ્રેશ, મયુર |
| **૧૯ થી ૨૭ પૂજા** | શાહ ચિંતન, રચના, નીતિકા, સમકિત(હાલસિડની) હ.કલ્પના, પ્રકાશ, પારલા (ધ્રાંગધ્રા) |
| **૨૮ થી ૩૬ પૂજા** | સ્વ. ભીખાભાઈ સુરચંદ શાહ, સ્વ. લીલાબેન ભીખાભાઈ શાહ |
| **૩૭ થી ૪૫ પૂજા** | સ્વ. કાન્તાબેન શનાલાલ બુલાખીદાસ શાહ તથા શ્રી મનહરલાલ શનાલાલ શાહ પરિવાર |
| **૪૬ થી ૫૪ પૂજા** | સ્વ. શ્રી લાલભાઈ ભીખાભાઈ શાહ પરિવાર |
| **૫૫ થી ૬૩ પૂજા** | સૂર્યકાન્તભાઈ ભીખાભાઈ શાહ પરિવાર |
| **૬૪ થી ૭૨ પૂજા** | અ.સૌ. રેણુકાબેન હિતેન્દ્રકુમાર મહેતા પરિવાર |
| **૭૩ થી ૮૧ પૂજા** | અ.સૌ. કલ્પનાબેન અતુલકુમાર શાહ પરિવાર |
| **૮૨ થી ૯૦ પૂજા** | સ્વ. વિલાસબેન સૂર્યકાન્તભાઈ બંડૂલાલ શાહ, જીજ્ઞા ગિરીશકુમાર તથા અમિતા સંજીવકુમાર |
| **૯૧ થી ૯૯ પૂજા** | શ્રી જતીનકુમાર જયંતિલાલ મહેતા, અ.સૌ. જલ્પાબેન, તારક તથા ક્રિયા |
| **૧૦૦ થી ૧૦૮ પૂજા** | શ્રી રમણલાલ ભીખાભાઈ શાહ, નિરંજનાબેન, તેજસ, અર્ચના, હેતા તથા વિરાગ |

## પ્રતિષ્ઠાના મંગલકારી પુણ્ય દિવસે

**સવારની સાધર્મિક ભક્તિના લાભાર્થી :** શ્રી ચીનુભાઈ વાડીલાલ નવાબ, અમદાવાદ

**બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી :** શ્રી પોપટલાલ મટાલાલ સિરોઈયા પરિવાર, ધાનેરા

**સાંજની સાધર્મિક ભક્તિના લાભાર્થી :** માતુશ્રી શોભનાબેન પોપટલાલ સિરોઈયા પરિવાર, ધાનેરાવાળા

**વિ.સં. ૨૦૭૬ મહા સુદ-૬, શનિવાર તા. ૩૧-૧-૨૦૨૦**

આજની વહેલી સવારની શુભ મંગલ ઘડીમાં 'હવે પ્રભુ કરુણાના કમાડ ખોલો'ના ભાવ સાથે શ્રી નેમિનાથ ભગવાન જિનાલય, શ્રી સંભવનાથ ભગવાન જિનાલય, શ્રી અંબિકાદેવી અને શ્રી માણિભદ્રવીરની દેરીનું શુભ મુહૂર્તે દ્વારોદ્ઘાટન કરવામાં આવેલ.

**: દ્વારોદ્ઘાટનના લાભાર્થી :**

૧. **શ્રી નેમિનાથ ભગવાન જિનાલય :** શ્રી નિખીલભાઈ શાહ અને શ્રી પ્રેમલભાઈ કાપડિયા

૨. **શ્રી સંભવનાથ ભગવાન જિનાલય :** શ્રી રાઈબેન પોપટલાલ શાહ (સવાળા)

૩. **શ્રી માણિભદ્રવીરની દેરી :** શ્રી વિનોદભાઈ વસા પરિવાર

દ્વારોદ્ઘાટન બાદ સકળ શ્રી સંઘના મંગલ માટે પૌષ્ટિક અનુષ્ઠાન સ્વરૂપે લાભાર્થી અ.સૌ. જલ્પાબેન જતીનકુમાર મહેતા. અ.સૌ. અર્ચના, તેજસ મહેતા, તારક, હેતા, ક્રિયા, ચિરાગ, આદિ પરિવાર તરફથી ભક્તિભાવ પૂર્વક સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ.

સમગ્ર પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન થયેલા તમામ પૂજનો, અનુષ્ઠાનો તથા પ્રતિષ્ઠા સંપન્ન સંબંધી વિધિવિધાનો પંડિતવર્યશ્રી વસંતભાઈ એમ.દોશી તથા એમના સહયોગીઓએ વિશુદ્ધ રીતે સંપન્ન કરાવ્યા હતા.

# શ્રી કુંભારિયાજી પ્રતિષ્ઠા પ્રસંગની સ્મૃતિઓ



કુંભ સ્થાપના




અખંડ દીપક



જ્વારારોપણ



કુંભ સ્થાપના, અખંડ દીપક, જ્વારારોપણ



રાત્રિ ભાવનામાં ઉપસ્થિત શ્રાવક અને શ્રાવિકા સમુદાય



દેવીપૂજન અંતર્ગત હવન વિધિ



દેવીપૂજન



દેવીપૂજન પ્રસંગે પૂ. ગુરૂભગવંત,
વિધિકારક તથા અગ્રણીઓ



દેવીપૂજન પ્રસંગે પૂ. ગુરૂભગવંત તથા
શ્રાવક શ્રાવિકા સમુદાય



પૂજન પછીની
આરતી કરતા લાભાર્થી



પાટલા પૂજન
કરતા શ્રદ્ધાસંપન્ન લાભાર્થી





શ્રી નેમિનાથ ભગવાનના
જિનાલયનું સુશોભિત
મુખ્ય પ્રવેશદ્વાર




શ્રી નેમિનાથ ભગવાન જિનાલયમાં આયોજિત અઢાર અભિષેક




સાધર્મિક ભક્તિ



સ્વર્ણ રસિત કળશ સમક્ષ
વિધિ કરતા પૂ. આચાર્ય ભગવંત



શ્રી નેમિનાથ ભગવાન જિનાલયના
રંગમંડપમાં આયોજિત અઢાર અભિષેક





શ્રી સંભવનાથ ભગવાન જિનાલયમાં આયોજિત અઢાર અભિષેક




પ્રભુભક્તિ કરાવતા સંગીતકાર



અઢાર અભિષેક પ્રસંગે પરમાત્માની સ્તવના



ધર્મસભા દરમિયાન પૂ. આચાર્ય ભગવંતનું ઉદ્‌બોધન



ધર્મસભામાં ઉપસ્થિત શ્રાવક સમુદાય



ધર્મસભામાં ઉપસ્થિત શ્રાવિકા સમુદાય



પૂ. ગુરૂભગવંતને કામળી વહોરાવતા
પેઢીના પ્રમુખશ્રી સંવેગભાઈ લાલભાઈ



પૂ. સાધ્વીજી ભગવંતને કામળી વહોરાવતા લાભાર્થી



શ્રી નેમિનાથ ભગવાન જિનાલયના શિખર
ઉપર સ્થિત ધ્વજદંડ તથા કળશનું મનોહારી દ્રશ્ય

પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન પધારેલા ભાઈબહેનોએ છાપરિયાળી પાંજરાપોળ માટે જીવદયાની ટીમાં ઉદારતાપૂર્વક સારો લાભ લીધો હતો.

મહોત્સવ દરમ્યાન ચતુર્વિધ સંઘની ભક્તિરૂપ ભોજન વ્યવસ્થાના સુચારુ સંચાલનની જવાબદારી શ્રી પ્રકાશભાઈ શાહ (અમદાવાદ) અને તેમના સાથીઓએ સફળતા પૂર્વક ઉઠાવી હતી.

સમગ્ર મહોત્સવ દરમ્યાન અનેક સ્વયંસેવકોએ વ્યવસ્થા સચાલનમાં યોગદાન આવ્યું હતું. જેમાં સાબરકાંઠા એલર્ટગ્રુપ તથા પ્રાર્થના યુવક મંડળ ભાવનગરના યુવકોએ ઉમદા સેવા આપી હતી.

સમગ્ર મહોત્સવના તમામ આયોજનો, કાર્યક્રમો અને વ્યવસ્થામાં શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના સહુ કર્મચારીઓએ સેવા પ્રદાન કરી હતી.

શ્રી કુંભારિયાજી તીર્થમાં ઉજવાયેલ આ પ્રતિષ્ઠા મહોત્સવ પ.પૂ. આચાર્ય ભગવંત, સાધુ-સાધ્વીજી લાભાર્થી પરિવારો અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં ખૂબ જ ઉલ્લાસભેર અને ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે યાદગાર રીતે સંપન્ન થયેલ.

## શ્રી કુંભારિયાજી તીર્થ ખાતે ભાતા ખાતું

**શ્રી કુંભારીયાજી તીર્થના તાજેતરમાં થયેલા વિકાસમાં શ્રીમતિ શારદાબેન ઉત્તમલાલ મહેતા (ટોરેન્ટ પરિવાર)નો ખૂબ જ મહત્વનો ફાળો રહ્યો છે. આ વિકાસયાત્રામાં એક નવી યશકલગી ઉમેરાય છે: કુંભારિયાજી તીર્થમાં પ્રારંભ થનાર ભાતાખાતું.**

## શ્રીમતી શારદાબેન ઉત્તમલાલ મહેતા ભાતાઘર (ભાતાગૃહ)

**આ ભાતાગૃહનો એક વરસનો તમામ લાભ શ્રી ટોરેન્ટ પરિવારે લીધો છે. તીર્થયાત્રાર્થે આવનારા યાત્રિક ભાઈ-બહેનો તથા ચતુર્વિધ શ્રી સંઘની ભક્તિનો લાભ મેળવવાના આલંબનસ્વરૂપ આ ભાતાઘરમાં શુદ્ધ-સાત્વિક પદાર્થો દ્વારા ભક્તિ કરવામાં આવશે.**

**સમંગ્ર ટોરેન્ટ પરિવારની ખૂબ ખૂબ અનુમોદના તથા શત શત ધન્યવાદ.**

## દાનવીર નગરશેઠ શ્રી પ્રેમાભાઈ

નગરશેઠ શ્રી હેમાભાઈના બે પુત્રો નગીનદાસ અને પ્રેમાભાઈમાંથી પ્રેમાભાઈ પિતા કરતાં સવાયા કહી શકાય એવા પ્રતિભાસંપન્ન હતા. સં. ૧૮૭૧ના કારતક માસમાં (ઈ.સ.૧૮૧૫માં) તેમનો જન્મ થયો હતો. વ્યવહારકુશળ એવા પ્રેમાભાઈ નાનપણથી જ વિદ્યાપ્રેમી હતા. અંગ્રેજીના તેઓ સારા અભ્યાસી હતા. અનુભવી હને પ્રતિભાસંપન્ન પિતાના હાથ નીચે તેઓ વ્યાવહારિક રીતે ખૂબ ઘડાયા હતા.

પોતાના કુટુંબની પરંપરા પ્રમાણે તેઓના હાથે પણ અનેક ધાર્મિક સત્કાર્યો થયાં હતાં. પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજય ઉપર પાંચ લાખ રૂપિયાના ખર્ચે તેમણે 'શેઠ પ્રેમાભાઈની ટૂક' બંધાવી હતી અને પાલીતાણા ગામમાં ધર્મશાળા બંધાવી હતી.

અમદાવાદમાં ઝવેરીવાડામાં તેમણે રૂા. ૪૦,૦૦૦/-ના ખર્ચે ઈ.સ. ૧૮૪૯માં મહાવીર સ્વામીનું દેરાસર બંધાવ્યું હતું. અમદાવાદ, પાલીતાણા વગેરે જગ્યાએ પાંજરાપોળો બંધાવવામાં ઘણી આર્થિક સહાય કરી હતી. કેસરિયાજી અને પંચતીર્થનો મોટો સંઘ કાઢીને ઘણાં જૈનોને યાત્રાએ લઈ ગયા હતા. નરોડા, સરખેજ, બરવાળા, ગુંદી, માતર અને ઉમરાળા-આ છ સ્થળોએ ધર્મશાળાઓ બંધાવવા માટે તેમણે તે કાળે રૂા. ૨૩,૦૦૦/-) આપ્યા હતા. ગરીબોને અવારનવાર છૂપી સહાય કરતા નગરશેઠ શ્રી પ્રેમાભાઈએ સં. ૧૯૧૭ના દુષ્કાળ વખતે 'દુષ્કાળ સહાયફંડ'માં ૨૦,૦૦૦) રૂપિયાની મદદ કરી હતી.

ધાર્મિક અને માનવતાલક્ષી સખાવતોની સાથે સાથે સામાજિક અને વિદ્યાકીય સખાવતોમાં પણ તેમણે આપેલા દાનની રકમો ઘણી વિશાળ છે, તેનો ખ્યાલ નીચેની વિગતો ઉપરથી આવશે. ઈ.સ. ૧૮૫૬માં અમદાવાદમાં

'હઠીસિંગ એન્ડ પ્રેમાભાઈ હોસ્પિટલ' કે જે 'જૂની સિવિલ હોસ્પિટલ'(ઘી કાંટા) તરીકે પ્રસિદ્ધ છે તેને બંધાવવા અને નિભાવવા માટે રૂા. ૨૨,૧૫૦ આપ્યા હતા. તેથી તેઓ બંનેના સંયુક્ત નામે આ હોસ્પિટલ સ્થાપવામાં આવી હતી.) ઈ.સ. ૧૮૫૭માં પોતાના પિતાના નામે 'હેમાભાઈ ઈન્સ્ટટ્યૂટ' નામનું પુસ્તકાલય સ્થાપવા માટે રૂા. ૭૦૫૦ આપ્યા હતા, ઈ.સ. ૧૮૫૭માં ગુજરાત કોલેજ માટેના ફંડમાં રૂા. ૧૦,૦૦૦ અને તે જ વર્ષે મુંબઈની ગ્રાંટ મેડિકલ કોલેજમાં દર વર્ષે પાસ થનાર પ્રથમ વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવા માટે રૂા. ૧૮૦૦ આપ્યા હતા. ઈ.સ.૧૮૫૬માં મુંબઈના વિક્ટોરિયા ગાર્ડન અને આલ્બર્ટ મ્યુઝિયમના ફંડમાં રૂા. ૧૩૫૦ અને પાછળથી ઈ.સ. ૧૮૬૪માં મુંબઈના 'વિક્ટોરિયા ગાર્ડન રાણીબાગ'માં દરવાજા, બગીચો, રેલિંગ વગેરે બનાવવા માટે રૂા. ૧૦,૦૦૦ આપ્યા હતા. તે ઉપરાંત અમદાવાદની વિદ્યાકીય સંસ્થા 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ના ફંડમાં રૂા. ૨૦૦૦ આપેલ હતા. તેમની આ ઉદાર સખાવતો એ વાતનું સૂચન કરવા માટે પૂરતી છે કે પોતે જે સમાજમાં રહેતા તે સમાજનો સર્વાંગીણ વિકાસ થાય તેવાં કાર્યોને પ્રોત્સાહન આપવામાં તેઓ આર્થિક રીતે સદાય મદદરૂપ રહેતા.

રાજકીય દષ્ટિએ જોતાં પણ નગરશેઠ પ્રેમાભાઈની સેવાઓનું મૂલ્ય ઓછું નથી. વ્યાપારી સંબંધોના કારણે ગામ-પરગામમાં તેમની પેઢીઓ વચ્ચે ખાનગી ટપાલો નિયમિત રીતે લાવવા લઈ જવા માટે તેમણે પોતાની વ્યવસ્થા ઊભી કરેલી. ઈ.સ. ૧૮૫૭માં બ્રિટિશ સરકાર સામે પ્રજાએ બળવો પોકાર્યો તે વખતે બળવાખોરોએ તારનાં દોરડાં કાપી નાખ્યાં ત્યારે મધ્ય ભારતના સમાચાર મેળવવામાં બ્રિટિશ સરકારને ભારે મુશ્કેલી અનુભવવી પડતી હતી. રેલ્વે, તાર, ટપાલનાં સાધનોના અભાવમાં અમદાવાદ અને ઈંદોર વચ્ચે સંદેશાવ્યવહાર માટે સરકારને પ્રેમાભાઈ શેઠે પોતાની ખાનગી ટપાલવ્યવસ્થાની મદદ આપી હતી. નગરશેઠ પ્રેમાભાઈની ખાનગી

ટપાલ-વ્યવસ્થાને કારણે જ તે વખતે સરકાર રોજેરોજના સમાચાર મેળવી શકી હતી. ખાસ કરીને તે વખતના કલેક્ટર મિ.હેડો અને જજ મિ. વોર્ડન તેમની આ સેવાથી ખૂબ ખુશ થયા હતા. તેમની રાજસેવાથી ખુશ થઈને પહેલી જાન્યુઆરી ૧૮૭૭ના રોજ તે વખતના વાઈસરોય અને ગવર્નર લોર્ડ લીટને તેમને 'રાવબહાદુર'નો ખિતાબ આપ્યો હતો, જૈના લખાણની નકલ 'જૈન રાસમાળા' પુસ્તકના પૃ. ૩૯ ઉપર આપેલી છે. તેમણે પોતે કોઈ રાજકીય બાબતોમાં ભાગ લીધો ન હતો, પણ તેઓને મુંબઈ સરકારે ત્યાંની લેજિસ્લેટિવ કાઉન્સિલ (ધારાસભા)માં ઓનરેબલ સભાસદ તરીકે નીમ્યા હતા. અને તેમને માનદ મેજિસ્ટ્રેટની સત્તા આપી હતી. અમદાવાદની મ્યુનિસિપાલિટીમાં તેઓ પ્રમુખ પણ હતા. અમદાવાદમાં તેમની યાદને કાયમી રાખવા માટે 'પ્રેમ દરવાજા' અને 'પ્રેમાભાઈ હોલ' તેમના નામ પરથી પ્રજાએ સ્થાપેલ છે.

પોતાના રોજ-બરોજના જીવનમાં તેઓ પોતાના કુટુંબની પરંપરા પ્રમાણે યથાશક્ય સમય ધાર્મિક પ્રવૃત્તિઓ પાછળ પણ આપતા. ધર્મશ્રવણમાં તેમને શ્રદ્ધા હતી. અમદાવાદમાં આવેલ ઉજમફઈની ધર્મશાળાએ અને સાગરગચ્છના ઉપાશ્રયે તેઓ નિયમિત જતા હતા. પોતાના પિતા નગરશેઠ હેમાભાઈના મૃત્યુ પાછળ તેમણે અમદાવાદ શહેરની નાત અને ૮૪ ગચ્છના શ્રાવક-શ્રાવિકાઓની નવકારશી કરી હતી. જૈન તીર્થોનો વહીવટ કરનાર અને જૈનોના સકળ સંઘનું પ્રતિનિધિત્વ કરનાર 'શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી'નું બંધારણ ઈ.સ. ૧૮૮૦માં તેમના પ્રમુખપદ નીચે સૌ પ્રથમ અસ્તિત્વમાં આવ્યું હતું. તે ઘટના પણ ઓછી મૂલ્યવાન નથી.

પોતાના વેપાર-ધંધાના ક્ષેત્રમાં પણ તેમણે હંમેશા પૈસા કરતાં પ્રતિષ્ઠાને જ મહત્ત્વ આપ્યું હતું. મુંબઈમાં તેમની સાત પેઢીઓ હતી. ઈ.સ. ૧૮૬૨થી ૬૫ દરમિયાન તેઓ શેરબજારના મેનિયાની અસરમાં ખેંચાયા

અને તે વખતે શેરસટ્ટાના ઝંઝાવાતી પવનમાં તેમની મુંબઈની પેઢીઓ મુશ્કેલીમાં આવતાં પૈસાની ખોટ ખાઈને પ્રતિષ્ઠા જાળવવા માટે તેમણે મુંબઈની પેઢીઓનો વહીવટ સંકેલી લીધો હતો.

અનેક દૃષ્ટિએ પ્રજાનાં હિતનાં કાર્યો કરી જનાર નગરશેઠ હેમાભાઈ સંવત ૧૯૪૩ના આસો વદિ આઠમના રોજ (ઈ.સ. ૧૮૮૭માં) ૭૨ વર્ષની વયે મૃત્યુ પામ્યા. લોકોપકારનાં તેમનાં કાર્યોને પ્રજા હરહંમેશ યાદ કરશે.

**(માલતી શાહ દ્વારા લિખિત 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' પુસ્તકમાંથી)**

## ૧૮ અભિષેક મહોત્સવ

શ્રી શત્રુંજય ગિરિરાજ પાલીતાણા નગરે બિરાજમાન
સર્વ સમુદાયના આચાર્ય ભગવંતો, પદસ્થો અને સાધુ-સાધ્વીજી
ભગવંતોની શુભ નિશ્રામાં
શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના ઉપક્રમે
પરમાત્મા ભક્તિ મહોત્સવ સહિત
ગિરિરાજ ઉપર બિરાજમાન લાખો શ્રદ્ધાળુ ભક્ત જનોની
શ્રદ્ધાના કેન્દ્ર સમાન મૂળનાયક શ્રી આદીનાથ દાદા તથા
શ્રી રાયણપગલા(પ્રભુના ચરણપાદુકા)
મહિમાવંત રાયણવૃક્ષ, શ્રી પુંડરીકસ્વામી ભગવાન,
શ્રી શાંતિનાથ ભગવાન તથા સર્વ જિન બિંબો અને
સર્વ ચરણપાદુકાઓના મંત્રાનુષ્ઠાનમય ૧૮ અભિષેકનું આયોજન

**: શુભ દિવસ :**

વિ.સં. ૨૦૭૬ ફાગણ વદ-૮ સોમવાર તા. ૧૬ માર્ચ, ૨૦૨૦

## ગુજરાતમાં પાંજરાપોળ અને અમદાવાદ

અનાથ અને અપંગ, માંદા પશુઓનું પાલન પોષણ અને રક્ષણ કરનારી પાંજરાપોળ જેવી જીવદયા પ્રબોધતી સંસ્થાઓ મોટા પાયા ઉપર સ્થાપી તેને જીવંત રાખવાનું શ્રેય ગુજરાતના લોકોને છે. મારવાડ, મેવાડ અને માળવામાં પણ આવી સંસ્થાઓ આવેલી છે. અમદાવાદની પાંજરાપોળના અહેવાલો (રીપોર્ટ) જોતાં બલુચિસ્તાનના કવેટા, સિંધના જેકોબાબાદ અને ખૈરપુરમાં અને પંજાબના હિસાર જિલ્લાના ભીવાની જેવા શહેરોમાં આઝાદી પૂર્વે આવી સંસ્થાઓ હતી અને દુષ્કાળના પ્રસંગે આર્થિક મુશ્કેલી અનુભવતા અમદાવાદની પાંજરાપોળનો તેઓના સંચાલકો સહાય લેતા હતા અને તેમનાં ઢોરો અહીં મોકલતા હતા. આ સિવાય કાનપુર, મદ્રાસ, બેંગલોર તથા ગુજરાતીઓનું વર્ચસ્વ હોય તેવા શહેરોમાં પણ આવી સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. આ ખાતે સૌરાષ્ટ્ર, કચ્છ, મૂળ ગુજરાત અને રાજસ્થાનના જાણીતાં શહેરો અને કસ્બાઓમાં આ સંસ્થાઓ હતી અને હાલ પણ છે. આ બધી પાંજરાપોળો પશુઓને અને પક્ષીઓને અંશતઃ બચાવવાનું ને તેમની સારસંભાળ લેવાનું કાર્ય કરે છે. શ્રી મોહનલાલ દલીચંદ શાહના અંદાજ મુજબદર વરસે રૂા. ૫૦ લાખ આવી સંસ્થાઓના નિભાવ અર્થે આઝાદી પૂર્વે ખર્ચાતા હતા. ગુજરાતમાં હાલ ૩૦૦ જેટલી પાંજરાપોળ અને ગૌશાળાની સંસ્થાઓ છે જે જીવદયા અને ગોસંવર્ધનનું કામ કરી રહી છે.

### ખંભાતની પાંજરાપોળ :

ગુજરાતની પાંજરાપોળો પૈકી તેની સૌથી પ્રથમ ઉલ્લેખ જહાંગીરના શાસનના અંત ભાગમાં આવેલા પીટર દ લાવલનો ૧૬૨૩નો છે. તેણે ભરૂચ, ખંભાત અને અમદાવાદની મુલાકાત લીધી હતી. ખંભાતની પાંજરાપોળના તેણે ૧૬૨૩ના ફેબ્રુઆરીમાં મુલાકાત લીધી હતી. તેણે તેનો પશુઓની હોસ્પિટલ તરીકે ઉલ્લેખ કર્યો છે. તેનું વર્ણન આ પ્રમાણે છે.

**Among the first sights visited by this traveller was a hospital for birds and fowls, which for being sick, lame, deprived of their mates or otherwise needing food and care ate kept and tended there with diligence The hospital, was not a large one, a single room sufficing for inmates of all sorts, comprising, besides small birds, cocks, hens, pigeons, peacocks and ducks. when they recovered from their lameness of other disability they were, if wild, set at liberty and if tame, givan away to some pious person to be kept in his house The most curious thing I saw in this place were eertain mice, who being found orphans, without sire of dame to tend them, were put into this hospital and a venerable old man with a white beard, keeping them in a box, giving them milk to eat with a bird's feather beacause they were so little that as yet they could eat nothing else. Della valle also mentions another hospital Panjarapole for goats, sheep and kids and a third one for cows and calves, some with broken legs, others very old of lean or infirm and kept here to be cured"**

શહેરના દરવાજા બહાર રોગથી મુક્ત થયેલાં ગાયો અને વાછરડાઓને તેણે ખેતરમાં ચરતા જોયા હતાં. ભરવાડો તેમની દેખરેખ અને સંભાળ કોઈ પણ મહેનતાણું લીધા વિના રાખતા હતા. આ ટોળામાં મુસ્લિમો પાસેથી છોડાવેલાં બકરાં વગેરે પ્રાણીઓ પણ હતાં. પશુવધ સામેનાં ફરમાનો અંગે શાહજાદાને (શાહજાહાં?) પુષ્કળ ધન આપ્યું હતું. જે કોઈ પ્રાણીઓનો વધ કરે તેને દેહાંતડ કે બીજી હળવી સજા થતી હતી. જહાંગીરના સમયમાં ખંભાતની માફક અમદાવાદ, પાટણ, ભરૂચ, સુરત વગેરે સ્થળોએ પણ

પાંજરાપોળ હોવાની શક્યતા છે. અમદાવાદ ગુજરાતનું પાટનગર હતું અને હીરવિજય સૂરિ તથા અન્ય સૂરિઓનો અકબર જહાંગીર વગેરે ઉપર ખૂબ પ્રભાવ હતો અને અમદાવાદમાં શાંતિદાસ જેવા ખૂબ જ લાગવગવાળા શ્રેષ્ઠીઓ હતા એટલે અમદાવાદમાં આવી પાંજરાપોળ હશે. તે પૂર્વે પાટણમાં હશે.

## અમદાવાદની પાંજરાપોળ

અમદાવાદની પાંજરાપોળનું પ્રથમ વર્ણન શાહજહાંના શાસન દરમ્યાન ૧૬૬૬માં આવેલા થેવેનોએ કર્યું છે. તેણે પક્ષીઓ માટેની તથા માંદા બળદો, ઊંટો, ઘોડાઓ અને બીજા ઘાયલ થયેલાં પ્રાણીઓ અમદાવાદની પાંજરાપોળની મુલાકાત લીધી હતી. આ પ્રાણીઓને મુસલમાનો તથા ખ્રિસ્તીઓની ક્રુરતામાંથી બચાવવા ખરીદવામાં આવ્યાં હતાં. તેમનું સારી રીતે પોષણ કરાતું હતું અને દેખભાળ રખાતી હતી. રેવરંડ જે. અવિંગ્ટને ઈ.સ. ૧૬૯૦માં સુરતમાં પાંજરાપોળ જોઈ હતી. અહીં પ્રાણીઓ ઉપરાંત નાના જીવજંતુઓ, પક્ષીઓ વગેરેની રક્ષા માટે વ્યવસ્થા હતી. જોન ફ્રાયરે પણ પાંજરાપોળનો ઉલ્લેખ ઔરંગઝેબના શાસન દરમિયાન કર્યો છે. અકબર, જહાંગીર વગેરેના જીવહિંસા ન થાય તે માટેના ફરમાનોના અમલ માટે સ્થાનિક મુસ્લિમ અધિકારીઓને ભેટસોગાદ પણ અપાતી હશે. ખાલસા મુલક સિવાયના હિંદુ રાજાઓના રાજ્યોમાં પણ પશુઓની કતલ ઉપર પ્રતિબંધ હશે. તેઓ ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કહેરાવવામાં ગૌરવ અનુભવતા હતા. ભાવનગરના મહારાજાએ ગાયના વધ કરનારને દેહાંત દંડની સજા કરી હતી તેનો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે.

અમદાવાદ અને મહત્ત્વનાં વેપારીકેન્દ્રોની જ પરદેશી પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી કારણ કે સારા રસ્તાઓનો અભાવ અને ગરમી તથા ચોર-લૂંટારાઓના ભય તે માટે કારણભૂત હતા એટલે પાટણ, વડોદરા, ભરૂચ વગેરે સ્થળે આવી સંસ્થાઓ હશે જ પણ પરદેશી મુસાફરોએ મુખ્ય

શહેરોની મુલાકાત લીધી હોવાથી તેનો જ ઉલ્લેખ મળે છે. ખંભાતમાં પાંજરાપોળ હોય તો અમદાવાદમાં તો હોય જ એટલે ૧૬૨૩ પહેલાં પણ તે હશે.

શાંતિદાસ ઝવેરી રાજસાગરસૂરિના રાસમાં જણાવ્યા પ્રમાણે સને ૧૬૫૯માં મૃત્યુ પામ્યા હતા. તેમના પછી, તેમના વંશજો લક્ષ્મીદાસ, ખુશાલદાસ અને અન્ય અગ્રણી કપુરચંદ ભણસાલી વગેરે અમદાવાદમાં નગરશેઠ થઈ ગયા. તેમણે અમદાવાદની પાંજરાપોળનો વહીવટ સંભાળ્યો હશે. ખુશાલદાસ ફરી નગરશેઠ બન્યા પછી ૧૭૪૮માં ગુજરી ગયા હતાં.

મોગલકાળ દરમિયાન સને ૧૫૭૭, ૧૬૨૩, ૧૬૩૧-૩૨ (સંવત ૧૬૮૭ સત્તાશિયો) ૧૬૪૭, ૧૬૮૧-૮૨, ૧૬૯૬, ૧૭૧૮-૧૯, અને ૧૭૩૧-૩૨માં દુષ્કાળને કારણે મનુષ્યો અને પશુઓની ઘણી હાનિ થઈ હતી. તે સમયે પશુઓને બચાવવાનું કાર્ય પાંજરાપોળ સંસ્થાએ કર્યું હશે.

મરાઠાઓનું - ગાયકવાડ અને પેશ્વાનું શાસન ૧૭૫૮ થી ૧૮૧૮ પર્યંત હતું. ખુશાલદાસ શેઠના મૃત્યુ પછી તેમના પ્રતાપી પુત્ર વખતચંદે અમદાવાદની પાંજરાપોળનો વહીવટ સંભાળ્યો હતો. મરાઠી શાસન દરમિયાન નગરશેઠને ગાયકવાડ સરકાર તરફથી પાલખી, છત્રી અને સાલનું માન અપાતું હતું અને વાર્ષિક વર્ષાસન રૂા. ૧૦૦૦નું તેમણે બાંધી આપ્યું હતું. સંવત ૧૮૬૪માં તેમણે શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો. વખતચંદ શેઠ પછી હેમાભાઈએ પાંજરાપોળનો વહીવટ સંભાળ્યો હતો. આ અંગે દસ્તાવેજી પુરાવા મળે છે જેની વિગત હવે પછી આપવામાં આવી છે.

મરાઠા શાસન દરમ્યાન ઈ.સ. ૧૭૪૭, ૧૭૬૪, ૧૭૬૫, ૧૭૬૬, ૧૭૭૪, ૧૭૮૦ વગેરે વર્ષોમાં મોંઘવારી ઘણી હતી. સંવત ૧૮૧૭નો સત્તરોકાળ, ૧૭૯૦-૯૧નો (સંવત ૧૮૪૭) સુડતાળો કાળ, ઈ.સ. ૧૭૯૬માં બાવનો કાળ, ઈ.સ. ૧૮૦૧માં સત્તાવનોકાળ અને ઈ.સ. ૧૮૦૪ અને ૧૮૧૩ અને ૧૮૧૫માં દુકાળો પડ્યા હતા. આથી પશુધનની ઘણી હાનિ થઈ હતી. પાંજરાપોળ સંસ્થા આ વખતે ઉપયોગી થઈ હતી.

## ગેઝેટીઅરનો ઉલ્લેખ

સંવત ૧૮૭૪માં અમદાવાદ અંગ્રેજોના શાસન નીચે આવ્યું હતું. સંવત ૧૮૮૭ના પાંજરાપોળ સંસ્થાના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે "ચોપડા અને દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી માલૂમ પડે છે કે અમદાવાદના નગરશેઠ હેમાભાઈ વખતચંદની પેઢી સને ૧૮૧૪માં એટલે આશરે સવાસો વરસ ઉપર પાંજરાપોળનો વહીવટ કરતી હતી અમદાવાદ ગેઝેટીઅરમાં જણાવ્યા પ્રમાણે સને ૧૮૨૭માં મહાજનના જૈન અને વૈષ્ણવ સભ્યો વચ્ચેના મતભેદના કારણે મહાજનના જૈન સભ્યોએ મુંબઈના ગવર્નરને અરજી કરી જણાવ્યું હતું કે સને ૧૮૨૦થી બધી જ્ઞાતિના વેપારીઓ સેંકડે પા ટકા પ્રમાણે લાગો આપવા કબૂલ થયા હતા અને તેથી વૈષ્ણવ સભ્યોને આગામી જેમ પાંજરાપોળની નિભાવણી માટે લાગો આપવા ફરજ પાડવી જોઈએ. વૈષ્ણવો તેમનો આ ફાળો વૈષ્ણવ મહારાજોને (ગુંસાઈજી) આપવા ધારતા હતા. તેવી રીતે મહાજનના વૈષ્ણ સભ્યોએ ગરીબોના ભોજન માટે, ધર્મશાળાના નિભાવ માટે તથા સંન્યાસી કે મહારાજોને મદદ આપવા માટે ઉપરોક્ત લાગાની રકમ આપવા તથા મુસલમાન સભ્યો ઉપર દબાણ કરવા સરકારને જણાવ્યું હતું. આ બંને રજૂઆતો બાબત સરકારે કોઈ પણ પગલાં લીધાં ન હતાં ને તેમણે જણાવ્યું હતું કે અગાઉની સરકારોએ આવાં લાગા માટે દઢતાથી ભલામણ કરી હશે : પણ આ લાગાઓ આપવા તેમણે કોઈને દબાણ કર્યું ન હતું. આમ તેઓએ આ પ્રશ્નમાં વચ્ચે પડી દખલ કરવા ના પાડી હતી. આમ છતાં સને ૧૮૩૯ સુધી આ લાગો મરજિયાત ધોરણે ઉઘરાવવામાં આવતો હતો; પણ લોકો લાગાની રકમ જૂજ પ્રમાણમાં આપતા હતા. આ એકત્ર કરાયેલી લાગાની રકમનો ઉપયોગ મહાજન પાંજરાપોળ માટે કરતું હતું.

**(અમદાવાદ પાંજરાપોળ - સંસ્થા અને મહાજનો - એક અધ્યયન [લેખક. : ડૉ. શિવપ્રસાદ રાજગોર] સને.૧૯૮૭માં લિખિત પુસ્તકમાંથી )**

# શ્રી ગિરનારજી મહાતીર્થની તળેટીમાં નૂતન જિનાલયનું શિલાસ્થાપન

શ્રી ગિરનારજી મહાતીર્થની તળેટીમાં શ્રી આદીનાથ ભગવાનનું જિનાલય હતું. એ જિનાલયનું આમૂલચૂલ નવનિર્માણ કરવાની પ્રક્રિયામાં વિ.સં.૨૦૭૬ મહા સુદ-૯ સોમવાર, તા. ૦૩/૦૨/૨૦૨૦ના દિવસે ભૂમિપૂજન તથા ખનન વિધિ રાખવામાં આવી હતી. જેનો લાભ શ્રી પુષ્પાબેન ધીરજલાલ હ. પંકજભાઈ/અજયભાઈએ લીધો હતો. નૂતન જિનાલય માટે શિલાસ્થાપનનો કાર્યક્રમ વિ.સં. ૨૦૭૬ ફાગણ સુદ-૬ રવિવાર, તા. ૧-૩-૨૦૨૦ની દિવસે પ.પૂ.આ.ભ.શ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા તથા અન્ય પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં રાખવામાં આવ્યો હતો. જેનો પ્રારંભ સ્નાત્રપૂજા ભણાવવાપૂર્વક થયો હતો. નવગ્રહ દશદિક્પાલ તથા અષ્ટમંગલ આદિ પાટલાપૂજન કરવાપૂર્વક સવારે ૮-૩૦ કલાકે નવ શિલાઓની સ્થાપનાની વિધિ કરવામાં આવ્યો જેમાં નીચેના મહાનુભાવો એ શિલાસ્થાપનનો લાભ લીધો હતો.

| દિશા | શિલા | લાભાર્થી |
|---|---|---|
| અગ્નિકોણ | શક્તિનંદા | શ્રી ભાવિનભાઈ ખીમચંદભાઈ મહેતા (ભાણવડવાળા) રાજકોટ |
| દક્ષિણ | દંડભદ્રા | શ્રી યોગેશભાઈ રમણલાલ શાહ, રાજકોટ |
| નૈઋત્ય | ખડગ જયા | શ્રી નિરંજનાબેન રમણલાલ શાહ, અમદાવાદ |
| પશ્ચિમ | પાશ રિક્તા | પાલનપુર નિવાસી માતુશ્રી મંજુલાબેન કીર્તિલાલ શાહ હ. દીપ્તિબેન |
| વાયવ્ય | ધજા અજિતા | શ્રી કેતનભાઈ પ્રાણલાલ શેઠ, જૂનાગઢ |
| ઉત્તર | ગદા અપરાજિતા | શ્રી દાદા પરિવાર હ. પ્રફુલભાઈ શાંતિલાલ વિરવાડીયા |
| ઈશાન | ત્રિશુલ શુક્તા | શ્રી ગિરિરાજ દાદા પરિવાર ભોરલ તીર્થ હ. નિપુણભાઈ |
| પૂર્વ | વજ્ર સૌભાગિની | શ્રી હરીલાલ ગાંધી હ. બીપીનભાઈ ગાંધી |
| આધારશિલા | ધરણી કૂર્મશિલા | પાલનપુર નિવાસી |
| કૂર્મશિલા | | માતુશ્રી મંજુલાબેન કીર્તિલાલ શાહ હ.દીપ્તિબેન |

પેઢી તરફથી આ પ્રસંગે વિધિકારક તરીકે શ્રી દિનેશભાઈ શાહ - જૂનાગઢ, શ્રી ફેનિલભાઈ શાહ અમદાવાદ તથા સહાયક તરીકે શ્રી વિમલભાઈ ભોજક હાજર રહેલ હતા. શિલાસ્થાનની વિધિ બાદ પ.પંન્યાસપ્રવર શ્રી ધર્મબોધિ મ.સા. એ પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. પ્રવચન દરમિયાન જીવદયાની ટીપ કરવામાં આવી હતી. પ્રવચન દરમિયાન પેઢી તરફથી શ્રી પરિક્ષિતભાઈ, કોન્ટ્રાક્ટર શ્રી નથુભાઈની ટીમ તથા શ્રી ઘનશ્યામભાઈની ટીમ તથા વિધિકાર શ્રી દિનેશભાઈ, શ્રી ફેનિલભાઈ તથા શ્રી વિમલભાઈનું બહુમાન કરવામાં આવેલ હતું. આ ઉપરાંત નવે શિલાઓના લાભાર્થીનું બહુમાન પણ પેઢી તરફથી કરવામાં આવ્યું હતું.

પ.પૂ.આ.ભ.શ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મ.સા.ના સર્વમંગલ માંગલિક પૂર્વક કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે અમદાવાદથી પેઢીના ટ્રસ્ટી શ્રી શ્રીપાલભાઈ શાહ તથા શ્રી સુદીપભાઈ શાહ પધારેલ હતા. જુનાગઢ જૈન સંઘના અગ્રણીઓ તથા શ્રાવક શ્રાવિકાઓ પણ પધાર્યા હતા.

આ દિવસે નવકારશી તથા બપોરના સ્વામિવાત્સલ્યનો લાભ શિલાસ્થાપનના લાભાર્થીઓ તરફથી લેવામાં આવ્યો હતો.

❋ ❋ ❋

## શેરીસા તીર્થમાં થયેલા કાર્યો

- શેરીસા તીર્થ ખાતે તા. ૧-૪-૧૯થી તા. ૩૧-૧૨-૧૯ સુધીમાં જીર્ણોદ્ધાર કામમાં દેરાસરજી ફરતે પથ્થરની કોતરણીવાળી કંપાઉન્ડ વોલ નવી બનાવવામાં આવી રહી છે. ઉપરાંત દેરાસરની જમણી બાજુ પાણીની પરબ તથા ડાબી બાજુ કેસર રૂમનું નિર્માણ થઈ રહ્યું છે.
- જુની ધર્મશાળાનું ડીમોલેશન કરી નવી ૨૪ રૂમ તૈયાર થઈ ગયેલ છે. ઉપરાંત મેનેજર, કેશીયર, ક્લાર્કના ત્રણ રૂમ બનાવવામાં આવી રહ્યા છે.

- તીર્થમાં ભાતાઘર ચાલુ કરવામાં આવતા અત્યાર સુધીમાં ૯૪૭૩ યાત્રિકોએ ભાતાનો લાભ લીધો, ભાતાઘરની સુવિધા વધતા યાત્રિકોની સંખ્યામાં વધારો થયેલ છે. છેલ્લા ત્રણ માસમાં ૧૩૯૯૩ યાત્રિકોએ સેવા-પૂજાનો લાભ લીધેલ છે.
- તીર્થમાં દેવબગીચાનું નિર્માણ કરવામાં આવતા ભગવાન માટે ગુલાબ, જાસુદ તથા અન્ય જાતના ફુલો પણ સારા પ્રમાણમાં મળે છે.

## શ્રી શત્રુંજય ગિરિરાજ - પાલીતાણા

- ૧૯ નાના-મોટા દેરાસરનું ફીનીસીગ તથા મઠારકામ પૂર્ણ થયેલ છે.
- વેલબાઈ કોઠા વિસ્તાર, જી.જી.કુંડ, નરશીકેશવજી ટૂકમાં, શ્રી શાંતીનાથ દેરાસર, શ્રી નેમિનાથ દેરાસર આરસ તથા પથ્થર ફીટીગનું કાર્ય ચાલુ છે.
- ઉપરાંત મોદી ટૂક, શ્રી નેમિનાથ દેરાસર ગભારા, શ્રી દાદાજી ગભારા, શ્રી નેમિનાથ દેરાસર, કુમારપાળ દેરાસર, શ્રી શાંતિનાથ દેરાસર તથા બાલાભાઈ ટૂક ઉપર આરસ ચણતર તેમજ અન્ય કામ ચાલુ છે.
- ચક્રેશ્વરી માતાની હવનકુંડી, બાલાભાઈ ટૂકમાં ઘુમ્મટી, દાદાના ગભારામાં ટચીંગ, રીપેરીંગનું કાર્ય પૂર્ણ થયેલ છે. તથા અન્ય સુચિત જગ્યાઓ પર તક્તી, દિશાસૂચક તક્તી વગેરેનું કાર્ય પૂર્ણ થયેલ છે. હેમાવસહી મુખ્ય દેરાસરમાં ગભારા, રંગમંડપ વગેરેનું કામ પૂર્ણ થયેલ છે. કેશવજી નાયક ટૂકમાં વાટાકામ પૂર્ણ થયેલ છે.
- ટૂક, કેશવજી નાયક ટૂક, શ્રી શાંતિનાથ દેરાસર પાછળની ભમતી, શ્રી નેમિનાથ દેરાસર ઘુમટી, ઉજમફઈ ટૂક, હેમાવસહી ટૂક, છીપાવંસહી ટૂક, આંબલી ઉતારા, ધરણીધર કુંડ, રામપોળ, મોદી ટૂક વગેરેમાં ચાલતી કામગીરી પૂર્ણ થયેલ છે.

## જૂનાગઢ - ગિરનારજી

- ૨૫૮૫૦ યાત્રિકોએ સેવા-પૂજાનો લાભ લીધેલ છે.
- ગિરનારજી ઉપર મિસ્ત્રીકામ ચાલુ છે. મેરકવસહી જિનાલયમાં આરસ ઘડાઈનું કામ ચાલુ છે.
- સ્ટાફ ક્વાટર્સમાં દીવાલ, ભાતાશેડમાં કોલમ/બીમ તથા વસ્તુપાલ તેજપાલ દેરાસરમાંના ચાલુ કામ પૂર્ણ થયેલ છે.
- જૂનાગઢથી પાલીતાણાના શ્રીસંઘે સ્નાત્ર પૂજા માટે ચાંદીનું ત્રિગડું અર્પણ કરેલ છે, જે રંગમંડપમાં મૂકેલ છે. ૯૯યાત્રા સકુશળ થઈ છે. ૪૫૦ જેટલા આરાધકોએ ભાગ લીધો હતો. તથા સર્વસાધારણની યોજનાની તક્તી પણ લાગી ગયેલ છે.

## જૂનાગઢ - જય તળેટી

- બાબુ વંડા ધર્મશાળામાં સોમપુરા હસ્તક પૂતળીઓનું કામ ચાલુ છે.
- તળેટીના ઘુમ્મટના પથ્થરોની નકશીકામની સફાઈ તથા મેઈન્ટેનન્સનું કામ ચાલુ છે.
- પરમ પૂજ્ય યશોવિજયજી સૂરિજી મ.આદિ ચતુર્વિધ શ્રી સંઘની નિશ્રામાં શ્રી વર્ધમાન સંસ્કારધામ ઘાટકોપર આયોજીત પાટણવાવથી ગિરનારજી છ'રિપાલીત સંઘનું આયોજન થયું હતું. જેમાં ૧૦૦૦ યાત્રિકો આવેલ તા. ૨૫.૧૨.૧૯ના રોજ તળેટી પ્રવેશ કરેલ. જેમાં સંઘવી શ્રીએ ગિરનારજી ઉપર ધજા ચડાવેલ તેમાં પેઢી દ્વારા સંઘપતિઓનું બહુમાન કરવામાં આવેલ.

❋ ❋ ❋

વિ. સં. ૨૦૭૬ વૈશાખ વદ-૬ મંગળવાર,
તા. ૧૨-૫-૨૦૨૦ના સવારે મંગળમુહૂર્તે શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી શત્રુંજયગિરિ મંડણ આદીશ્વર દાદાના મુખ્ય જિનાલયના મુખ્ય શિખરે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે.
આ મંગળ પ્રસંગે દાદાના મુખ્ય જિનાલય ઉપરાંત અન્ય જિનાલયો તથા દેવકુલિકાઓ-દેરીઓ ઉપર નૂતન ધ્વજારોહણ ઉત્સવ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં હજારો ભાવુક ભક્તોના હર્ષોલ્લાસભર જયનાદો વચ્ચે ઉમંગભેર ઉજવવામાં આવશે.

## પાલીતાણાની પુણ્યમયી ધરા ઉપર વરસીતપના પારણા

શાશ્વત મહાતીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજની છત્રછાયામાં પ્રતિવર્ષની જેમ ચાલુ વરસે વૈશાખ સુદ ૩ને રવિવાર તા. ૨૬-૪-૨૦૨૦ના દિવસે પારણાભવન ખાતે વરસીતપના તપસ્વીઓને પારણા કરાવવાનો કાર્યક્રમ અત્યંત હર્ષોલ્લાસ તથા ઉત્સાહ-ઉમંગ ભર્યા વાતાવરણ વચ્ચે આયોજિત થશે.

વરસીતપના પારણાના લાભાર્થી છે.

**એન્ટવર્પ વરસીતપ સમિતિ**

હસ્તે : સ્નેહાબેન દિપેશભાઈ એન્ટવર્પવાળા

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી ક્યવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ. નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

• અને છેલ્લે •

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)

અનેક અબોલ જીવોનો વિસામો

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
PUNJAB NATIONAL BANK
(સંજીવની રોડ બ્રાંચ) અમદાવાદના સેવિંગ્સ
A/C 0524000100066781 માં (IFSE CODE - PUNB0052400)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

**શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ**
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

**BOOK - POST**

*To,*

**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**
**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**
**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**
**E-mail : anandkalyanmagazine@gmail.com**